| કુલ ગુણ | 150 |
|---|---|

# SP-TET - II - 2025

પરીક્ષાની તારીખ : 12/10/2025

પરીક્ષાનો સમય : સવારે 15.00 TO 17.00

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઈઝરની સહી

**A**

| SP-TET-2 | પ્રશ્ન પુસ્તિકા ન

QUESTION PAPER NO.

A 20199

SEAL SEAL SEAL SEAL SEAL S

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઈઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઈ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર છપાયેલ હશે, જે ખરાઈ કરવો. |
| (6) | પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઈઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઈઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઈન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -150 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ કાળુ (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઈનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઈટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઈઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષાનો માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

(1) આમાંથી કયા મનોવૈજ્ઞાનિક મોડેલ મુજબ, વિકલાંગતાને તબીબી સમસ્યા તરીકે જોવામાં આવે છે જેને સુધારવાની અથવા સાજા કરવાની જરૂર છે ?

(A) સામાજિક મોડેલ (B) તબીબી મોડેલ (C) ધાર્મિક મોડેલ (D) નૈતિક મોડેલ

(2) વિગોત્સ્કીના સામાજિક-સાંસ્કૃતિક સિદ્ધાંત (Socio-cultural theory) મુજબ, વિકલાંગ બાળકના શિક્ષણ માટે કઈ પદ્ધતિ સૌથી વધુ અસરકારક છે ?

(A) આંતરિક વિકાસના ક્ષેત્રને ધ્યાનમાં રાખીને ભણાવવું (Zone of Proximal Development)

(B) આંતરિક પ્રેરણા પર ભાર મૂકવો

(C) બાળકને સંપૂર્ણપણે સ્વતંત્ર રીતે શીખવા દેવું

(D) બાળકને તેની ક્ષમતા કરતાં ઓછા પડકારવાળું કાર્ય આપવું

(3) જો એક શિક્ષક માને કે વિકલાંગ બાળકને ગણિત શીખવું મુશ્કેલ છે કારણ કે તેની બુદ્ધિમત્તા ઓછી છે, તો તે કયા પ્રકારના મોડેલનું ઉદાહરણ છે ?

(A) વૈવિધ્યતા મોડેલ (B) સામાજિક મોડેલ (C) તબીબી મોડેલ (D) નૈતિક મોડેલ

(4) આમાંથી કયા સિદ્ધાંત મુજબ, શિક્ષકે વર્ગખંડમાં વિકલાંગ વિદ્યાર્થીને મદદ કરવા માટે 'સ્કેફોલ્ડિંગ' (Scaffolding) પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ ?

(A) અર્ન્સ્ટ હેકેલનો પુનરાવર્તનનો સિદ્ધાંત

(B) કાર્લ રોજર્સનો સ્વ-વાસ્તવિકકરણનો સિદ્ધાંત

(C) લેવ વિગોત્સ્કીનો સામાજિક-સાંસ્કૃતિક સિદ્ધાંત

(D) સિગ્મંડ ફ્રોઈડનો મનોવિશ્લેષણ સિદ્ધાંત

(5) માસ્લોના જરૂરિયાતોના સિદ્ધાંત (Hierarchy of Needs) મુજબ, શિક્ષકે વિકલાંગ બાળકના શિક્ષણમાં કઈ જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જોઈએ ?

(A) આત્મ-સન્માન અને સામાજિક જરૂરિયાતો (B) કેવળ શૈક્ષણિક જરૂરિયાતો

(C) શારીરિક અને સલામતીની જરૂરિયાતો (D) સ્વ-વાસ્તવિકકરણની જરૂરિયાત

(6) પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંત (Cognitive Development Theory) મુજબ, જો કોઈ વિકલાંગ બાળક ચોક્કસ તબક્કામાં તેની ઉંમર પ્રમાણે ન પહોંચી શકે, તો શિક્ષકે શું કરવું જોઈએ ?

(A) બાળકને તે તબક્કામાંથી આગળ ધકેલવા માટે સખત પ્રયાસ કરવો.

(B) બાળકને ઉચ્ચ/આગળના વર્ગમાં દાખલ કરવું.

(C) બાળકને જે તબક્કામાં છે, તે મુજબ શિક્ષણ પદ્ધતિ અપનાવવી.

(D) બાળકને ફક્ત સરળ કાર્યો આપવા.

(A) તબીબી મોડેલ (B) નૈતિક મોડેલ (C) સામાજિક મોડેલ (D) વર્ગીકરણ મોડેલ

(8) એક જૂથ પ્રવૃત્તિ દરમિયાન એક બાળક અન્ય સાથીદારોને જવાબ આપવા નથી દેતો અને વારંવાર જવાબ મોટેથી બોલે છે. એક શિક્ષક તરીકે શ્રેષ્ઠ પ્રતિસાદ (response) કયો છે ?

(A) બાળકને અવગણો જેથી તેઓ ધ્યાન ખેંચવાનું બંધ કરે.

(B) બાળકને જૂથ પ્રવૃત્તિમાંથી દૂર કરી શકાય.

(C) રોલપ્લેનો ઉપયોગ કરીને તેને પોતાનો વારો (turn) લેતાં શીખવો અને યોગ્ય વર્તનને પ્રોત્સાહન આપો.

(D) વધારાનું લેખન કાર્ય સોંપી વ્યસ્ત રાખી શકાય.

(9) શ્રવણ શક્તિની ક્ષતિ ધરાવતું બાળક મૌખિક ચર્ચાને અનુસરવા માટે સંઘર્ષ કરે છે. આ પરિસ્થિતિ માટે સૌથી અસરકારક અનુકુળતા શું છે ?

(A) બાળકને વર્ગખંડમાં સૌથી પાછળ બેસાડો.

(B) દૃશ્ય સાધનનો ઉપયોગ કરો અને બાળકની સામે જોઈને બોલો.

(C) બાળકને સાંભળવાના કાર્યોમાંથી દૂર રાખો.

(D) મોટેથી બોલો.

(10) વિજ્ઞાન શિક્ષણ દરમિયાન મોટર સ્કીલની મુશ્કેલીઓવાળા બાળક અન્ય વિદ્યાર્થીઓની જેમ સામગ્રીને કોપી અને પેસ્ટ કરી શકતા નથી - આ પરિસ્થિતિમાં શિક્ષક સમાવેશી શિક્ષણકાર્ય કેવી રીતે કરી શકે ?

(A) બાળકને આ પ્રોજેક્ટમાંથી દૂર કરી અન્ય પ્રવૃત્તિમાં જોડી શકાય.

(B) બાળકને અલગ પરંતુ અર્થપૂર્ણ ભૂમિકા સોંપો જેમ કે પગલાં (Steps) સમજાવવા.

(C) આ બાળકના કાર્ય અન્ય બાળકને કરવા કહો.

(D) સમગ્ર વર્ગને જૂથ કાર્ય/પ્રોજેક્ટ આપવાનું ટાળો.

(11) 'Persons with Disabilities Act' મુજબ નીચે પૈકી કોણ દિવ્યાંગ બાળક છે ?

(A) ઓટીસ્ટીક બાળક (Autistic child)

(B) સેરેબ્રલ પાલ્સી (Cerebral Palsy)

(C) રક્તપિત મટી ગયા બાદ બોલવામાં તકલીફ ધરાવનાર બાળક

(D) ઉપરોક્ત બધા

(12) સમાવેશી શિક્ષણમાં સહકારી શિક્ષણ (Cooperative Learning) નું મહત્ત્વ શું છે ?

(A) તે વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા વધારે છે.

(B) તે હોંશિયાર વિદ્યાર્થીઓને ફાયદો પહોંચાડે છે.

(C) તે શિક્ષકનો ભાર ઘટાડે છે.

(D) તે બાળકોને એકબીજા પાસેથી શીખવામાં અને સામાજિક કૌશલ્ય વિકસાવવામાં મદદ કરે છે.

(13) નીચે પૈકી કઈ જોડ મનોવૈજ્ઞાનિક અને તેમના કાર્યક્ષેત્રને યોગ્ય રીતે દર્શાવે છે ?

(A) પિયાજે - જ્ઞાનાત્મક વિકાસ (B) ફ્રોઈડ - બોધાત્મક વિકાસ

(C) બ્રુનર - મનોસામાજિક વિકાસ (D) બાન્ડુરા - મનોવિશ્લેષણાત્મક વિકાસ

(14) જો બધી બિલાડીઓ પાલતું પ્રાણી હોય, અને કેટલાક પાલતું પ્રાણી કાળા હોય તો નીચે પૈકી શું સાચું બનશે ?

(A) બધી બિલાડીઓ કાળી હોય (B) કેટલાક પાલતું પ્રાણી બિલાડી હોય

(C) કોઈ બિલાડી કાળી નથી (D) કેટલીક બિલાડીઓ કાળી હોય

(15) દિવ્યાંગ બાળકોને ઇન્દ્રિયો દ્વારા શિક્ષણની હિમાયત કોણે કરી હતી ?

(A) સ્કિનર (B) મોન્ટેસરી

(C) પાવલોવ (D) જહોન ડ્યુઈ

(16) Bloom's Taxonomy અનુસાર નીચે પૈકી કઈ ક્રિયા ઉચ્ચકક્ષાની માનસિક પ્રક્રિયા નથી દર્શાવતી ?

(A) આપેલ માહિતીનું મૂલ્યાંકન કરવું. (B) આપેલ માહિતીને સમજવી.

(C) આપેલ માહિતીનું વર્ગીકરણ કરવું. (D) આપેલ માહિતી પરથી નિર્ણય લેવો.

(17) વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનું પ્રથમ સોપાન શું છે ?

(A) માહિતી એકત્રીકરણ (B) ઉત્કલ્પનાની રચના

(C) વ્યક્તિની પસંદગી (D) નિદાન અને ઉપચાર

(18) RTE એક્ટ મુજબ, વિકલાંગ બાળકને ક્યાં શિક્ષણ આપવું જોઈએ ?

(A) માત્ર વિશિષ્ટ શાળામાં (B) માત્ર હોમ ટ્રેનિંગ

(C) આવશ્યક સહયોગ સાથે પાડોશની શાળામાં (D) માત્ર વ્યાવસાયિક શાળામાં

(19) શાળાના વર્ગમાં એક બાળક ખૂબ મોટેથી બોલતો હોય, પ્રશ્નના જુદા જ જવાબ આપતો હોય, તમે બોલો તો તમારા હોઠ સામે જોયા કરતો હોય તો તે બાળકને કઈ વિકલાંગતા હોઈ શકે ?

(A) શ્રવણ મંદતા (B) લો વિઝન

(C) LD (D) CP

(20) એસોસિએશન ફોનિમ યુનિટ મેથડ કયા બાળકો માટે વપરાય છે ?

(A) જેમને ઓછું દેખાય છે. (B) જેમને ચાલવામાં મુશ્કેલી છે.

(C) જેમને સ્પિચમાં મુશ્કેલી છે. (D) જેમને ટોઈલેટ ટ્રેનીંગની જરૂર છે.

(21) WHO મુજબ માનસિક મંદતા ધરાવતાં બાળકોમાં દશ્ય ખામીનો વ્યાપ .............. % હોય છે.

(A) 5 (B) 15 (C) 25 (D) 35

(A) ઓડિટરી (B) બિહેવિયર મેનેજમેન્ટ

(C) ઓરીએન્ટેશન (D) મોબીલીટી

(23) વિશિષ્ટ બાળકના શિક્ષણ પાછળ પ્રયત્ન કરવા પાછળની ધારણા શી છે ?

(A) બાળકની અક્ષમતા કામચલાઉ હોય છે.

(B) વિશિષ્ટ બાળકના શિક્ષણ માટે મહત્તમ પ્રયાસ કરવાનો સરકારનો આદેશ છે.

(C) શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે સમાનુભૂતિનું સર્જન થવાથી અક્ષમ બાળક સક્ષમ બને છે.

(D) અક્ષમતા હોવા છતાં પ્રત્યેક બાળક પોતાના દેખાવમાં અમુક અંશે સુધારણા કરી શકે છે.

(24) અવાજ (voice) ને લગતી સમસ્યાઓના નિમ્નલિખિત ઉપચારોને ક્રમમાં ગોઠવો.

(i) બાળકના શ્રેષ્ઠ અવાજને ખોળવો.

(ii) ઉચ્ચારણ (vocal) ના અયોગ્ય ઉપયોગો ઓળખવા.

(iii) તેના અવાજના મહત્તમ સ્તરને જાળવી રાખવા માટે વિવિધ પ્રયુક્તિ અપનાવવી.

(iv) ઉચ્ચારણને લગતા અયોગ્ય ઉપયોગોને મર્યાદિત કરવી.

(A) iii, iv, ii, i (B) ii, iv, i, iii (C) i, ii, iv, iii (D) ii, iv, iii, i

(25) શૈક્ષણિક સંસ્થાઓએ અક્ષમતા ધરાવતાં બાળકો પ્રતિ કેવો વ્યવહાર ન કરવો જોઈએ ?

(A) પ્રત્યેક બાળકને વ્યક્તિગત ધ્યાન આપવું.

(B) બાળકમાંની અધ્યયન ખામીઓની જાહેરમાં ચર્ચા કરવી.

(C) બિલ્ડિંગ, પરિસર અને અન્ય સુવિધાઓ બાળકોને અનુકૂળ બનાવવી.

(D) દરેક અક્ષમ બાળખ નિયત કરેલ સિદ્ધિના સ્તરે પહોંચે છે કે કેમ તેનું ધ્યાન રાખવું.

- **નીચેના ગદ્યખંડ પરથી પ્રશ્ન નં. 26 થી 28 ના જવાબ આપો.**

વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી નવલકથાનો પ્રવાહ સામાજિક વાસ્તવવાદના સીધા નિરૂપણથી સરીને માનવીય મનોવિશ્વના સૂક્ષ્મ અને બહુપરિમાણીય આયામો તરફ વળ્યો. અગાઉના સમયગાળામાં જ્યાં કૃતિઓ સમાજસુધારા કે પ્રગતિશીલ વિચારધારાની પ્રવચનાત્મક વાહક બનતી હતી, ત્યાં હવે આધુનિક નવલકથાકારે વ્યક્તિગત સંઘર્ષો, આંતરિક અવાજો અને વાસ્તવના બહુપરિમાણીય અર્થઘટન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ફક્ત બાહ્ય ઘટનાઓનું આલેખન કરવાને બદલે, આ લેખકોએ પાત્રના આંતરિક મનોમંથનોને અગ્રતા આપી. પરિણામે કથાનું સ્વરૂપ વધુ પ્રવાહી, પ્રતીકાત્મક અને આત્મકથનાત્મક બન્યું. કૃતિઓમાં ભાષાનું નિરૂપણ વધુ ગહન બન્યું અને શબ્દો માત્ર અર્થના પદાર્થનિષ્ઠ સંકેતક ન રહેતાં, ભાવનાત્મક સંવેદનાઓના વાહક બન્યા. આ પરિવર્તનથી નવલકથા સ્વરૂપ તેના મૂળ આશયથી વધુ ગતિશીલ અને પ્રયોગશીલ બનીને પ્રગટ થયું અને તેણે વાચકો પાસે કૃતિના અર્થઘટન માટે વધુ ઊંડાણપૂર્વકના સંવેદનશીલ અભિગમની અપેક્ષા રાખી.

26) ફકરાનો મુખ્ય વિષય કયો છે ?

(A) ગુજરાતી નવલકથામાં સમાજસુધારાનું મહત્ત્વ

(B) નવલકથામાં આવેલું શૈલીગત અને વિષયગત પરિવર્તન

(C) આધુનિક નવલકથામાં ભાષાનું પદાર્થનિષ્ઠ સ્વરૂપ

(D) નવલકથા અને આત્મકથા વચ્ચેનો સંબંધ

27) 'કથાનું સ્વરૂપ' પ્રવાહી અને પ્રતીકાત્મક બનવા પાછળનું મુખ્ય કારણ શું હતું ?

(A) સામાજિક વાસ્તવવાદ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી

(B) બાહ્ય ઘટનાઓનું આલેખન કરવાથી

(C) આંતરિક મનોમંથનોને અગ્રતા આપવાથી

(D) પ્રવચનાત્મક વાહક બનવાના આશયથી

28) ફકરા અનુસાર આધુનિક નવલકથાકારોએ 'બાહ્ય ઘટનાઓનું આલેખન' કરવાને બદલ શું કર્યું ?

(A) સમાજસુધારાનો સારી રીતે પ્રચાર કર્યો

(B) પાત્રના આંતરિક મનોમંથનોને અગ્રતા આપી

(C) ભાષાને અર્થની પદાર્થનિષ્ઠા સંકેતક બનાવી

(D) કથાના સ્વરૂપને અટલ રાખ્યું અને સમાજનિષ્ઠા સાથે લખ્યું

- **નીચેના ફકરાના આધારે પ્રશ્ન 29 થી 30 ના જવાબ આપો.**

'અનુચિંતન' એ શિક્ષણ અને અધ્યયન પ્રક્રિયાનું એક મહત્ત્વપૂર્ણ અને અવગણાયેલું પાસું છે. વર્તમાન શૈક્ષણિક પ્રણાલી વિષયવસ્તુ અને મૂલ્યાંકન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ 'અનુચિંતન' જેવી આંતરિક પ્રક્રિયા પર પૂરતું ધ્યાન આપતી નથી. જોકે, સંશોધન દર્શાવે છે કે અનુચિંતન એ અધ્યયનને સુદૃઢ કરવા, અર્થનું નિર્માણ કરવા અને ઊંડી સમજણ પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય છે. તે માહિતી અને પરિવર્તન વચ્ચે સેતુનું કામ કરે છે.

વિદ્યાર્થીઓ માટે અનુચિંતન નવા જ્ઞાનને પૂર્વ-સમજણ સાથે જોડે છે, વિચારસરણીમાં રહેલી ખામીઓને ઓળખે છે અને 'મેટાકોગ્નિટિવ કૌશલ્યો' (પોતાના જ વિચારો વિશે વિચારવું) વિકસાવે છે. તેનાથી અધ્યયન સપાટી પરનું રહેવાને બદલે ઊંડાણપૂર્વકનું બને છે. શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ અનુચિંતન મગજમાં સિનેપ્ટિક જોડાણોને મજબૂત બનાવે છે, જેનાથી માહિતી લાંબા ગાળાની સ્મૃતિમાં જાય છે. શિક્ષકો માટે પણ અનુચિંતન એટલું જ મહત્ત્વનું છે. તે તેમને પોતાની પદ્ધતિઓનું વિશ્લેષણ કરી, સુધારો કરવા અને વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રત્યે વધુ સંવેદનશીલ બનવામાં મદદ કરે છે. વર્ગખંડમાં અનુચિંતનને પ્રોત્સાહન આપવા માટે સાદી વાતચીત, જોડી કે જૂથમાં વિચારીને વર્ગ સમક્ષ રજુઆત કરવી. 'કોન્સેપ્ટ મેપિંગ' જેવી વ્યવહારુ પદ્ધતિઓ પણ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે અનુચિંતન અનિવાર્ય છે. જો અનુચિંતનને શિક્ષણ પ્રણાલીનો નિયમિત અને હેતુપૂર્ણ ભાગ બનાવવામાં આવે તો આપણે ગોખણપટ્ટીમાંથી અર્થ-નિર્માણ તરફની સંસ્કૃતિમાં પરિવર્તિત થઈ શકીશું.

29) અનુચિંતન એ કયા બે પાસાને જોડે છે ?

(A) મગજ અને હૃદય

(B) માહિતી અને પરિવર્તન

(C) શિક્ષક અને વિદ્યાર્થી

(D) ઉદ્દેશ્ય અને પરિણામ

(A) તે માહિતીને ક્રમશઃ યાદ રાખવામાં મદદ કરે છે.

(B) તેનાથી વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા ઘટે છે.

(C) વિષયવસ્તુના વિવિધ ખ્યાલો વચ્ચેના જોડાણોને જોઈને પોતાના જ્ઞાનમાં રહેલી ખામીઓને ઓળખી શકે છે.

(D) તેનાથી વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા વધુ મદદ મળે છે.

(31) 'વેણુમાં ઢળી હંસ જોડી કરવી એવી નદી માલીની;
ને ચોપાસ તળેટી પુણ્ય ચમરો બેઠેલ હેમાદ્રીની'
આ પંક્તિ કયા છંદમાં છે ?

(A) શાર્દુલવિક્રીડીત (B) શીખરીણી (C) મંદાક્રાન્તા (D) વિલંબિત અનુષ્ટુપ

(32) 'હાજર-ગેરહાજર' : એક શબ્દ પરથી અન્ય શબ્દ બનાવનારા આવા એક કે બે અક્ષરના પ્રત્યયને - શબ્દ બનાવનારા પ્રત્યયને શું કહેવાય ?

(A) પૂર્વસાધક પ્રત્યય (B) વિકારી પ્રત્યય (C) અવિકારી પ્રત્યય (D) અંગસાધક પ્રત્યય

(33) જે સમાસનું પૂર્વ પદ ઉત્તરપદ સાથે વિભક્તિથી જોડાયેલું હોય તેને શું કહેવાય ?

(A) તત્પુરુષ સમાસ (B) ષષ્ઠી તત્પુરુષ સમાસ (C) કર્મધારય સમાસ (D) ઉપપદ સમાસ

(34) કયા વિકલ્પમાં ત્રણેય શબ્દ વિશેષણ નથી ?

(A) પંજાબી, નાણાકીય, શરમાળ (B) નૈષ્ઠિક, કનિષ્ઠ, ષષ્ઠ

(C) સ્વકીય, તત્સમ, તલસ્પર્શી (D) ફલાણું, બ્રાહ્મણિયું, ચાંપલું

(35) યોગ્ય વિરામચિહ્નોથી લખાયેલું વાક્ય કયું છે ?

(A) શું શીખવવું ને, શું ન શીખવવું; એ જૂદું પાડવાની શક્તિ પ્રત્યેક શિક્ષકમાં હોવી જ જોઈએ.

(B) શું શીખવવું ને શું ન શીખવવું, એ જૂદું પાડવાની શક્તિ પ્રત્યેક શિક્ષકમાં હોવી જ જોઈએ.

(C) શું શીખવવું ને શું ન શીખવવું ? એ જૂદું પાડવાની શક્તિ, પ્રત્યેક શિક્ષકમાં હોવી જ જોઈએ.

(D) શું શીખવવું ને શું ન શીખવવું; એ જૂદું પાડવાની શક્તિ પ્રત્યેક શિક્ષકમાં હોવી જ જોઈએ.

(36) કઈ વ્યાખ્યામાં સુધારો કરવો પડે તેમ છે ?

(A) એક મુખ્ય વાક્ય અને બે કે વધારે ગૌણવાક્ય હોય તેને મિશ્ર વાક્ય કહેવાય.

(B) જેમાં ઓછામાં ઓછાં બે સ્વતંત્ર વાક્ય હોય અને ગૌણ વાક્ય હોય કે ન હોય તે સંયુક્ત વાક્ય.

(C) જે વાક્યો સ્વતંત્ર નથી પરંતુ બીજા વાક્યના કોઈપણ શબ્દ સાથે જોડાયેલ છે તે ગૌણ વાક્ય.

(D) જે વાક્યમાં એક જ ક્રિયાપદ હોય ને વાક્ય સ્વતંત્ર હોય તે સાદું વાક્ય.

(37) નીચેના પૈકી કયા વાક્યમાં અધોરેખિત શબ્દની ખરી વિભક્તિ એ વાક્યની પાછળના કૌંસમાં લખેલી છે ?

(A) એકાંત મને <u>ખાવા</u> ધાય છે. (અધિકરણ) (B) મોહન <u>સ્વભાવે</u> સરળ છે. (કરણ)

(C) ખેડૂત <u>ખેતરે</u> જાય છે. (સંપ્રદાન) (D) અમે <u>પરીક્ષાર્થી</u> ડરીએ છીએ. (અપાદાન)

(38) "આ પ્રશ્નોના જવાબ ચાર-ચાર વિદ્યાર્થીઓ સાથે બેસી, ચર્ચા કરી નક્કી કરશે. ત્યાર બાદ જૂથનેતા પોતાની નોટમાંથી એ જવાબો વર્ગ સમક્ષ રજૂ કરશે." શિક્ષકની આ સૂચના પરથી કઈ બાબતનો ચોક્કસ ખ્યાલ આવે છે ?

(A) દરેક સહભાગીને બે વખત જવાબ લખવાની જરૂર પડશે.

(B) આને blended learning કહેવાય.

(C) વર્ગમાં interdisciplinary જ્ઞાન સર્જાઈ રહ્યું છે.

(D) વર્ગમાં learning to learn ચાલી રહ્યું છે.

(39) શિક્ષક ઘટોત્કચનું ચિત્ર વર્ગમાં બતાવીને કહે છે કે - "આનું વર્ણન વ્યાજસ્તુતિ અલંકાર પ્રયોજીને એક વાક્યમાં કરો." આપેલા ચાર ઉત્તરોમાંથી કયા ઉત્તરને સાચો ગણશો ?

(A) આ તો કુરુપતાનું શ્રેષ્ઠ ઉપમાન છે.

(B) વાહ રે, આ સૌંદર્ય તો અનંગને લજ્જિત કરનારું છે.

(C) ઈશ્વરનું આ સર્જન નથી, આ તો વિસર્જન છે.

(D) ભૂતડાં ચીતરનાર આર્ટિસ્ટનો આ પ્રેરણાસ્રોત છે.

(40) "તમને જે ફાવે તે કરવાની છૂટ આપવામાં આવે તો તમે શું કરો ?" ના ઉત્તરમાં મળેલા વાક્યોમાંનું કયું સૌથી વધુ કલ્પનાશીલતા દર્શાવે છે ?

(A) રોજ એક કવિતા લખું ને શ્રેષ્ઠ કવિ બની જાઉં.

(B) બુલડોઝરથી નિશાળને તોડીને સુંદર બગીચો બનાવું.

(C) મોબાઈલ લઈને ફાઈવ સ્ટાર હોટલમાં રહેવા પહોંચી જાઉં.

(D) નહીં શોધાયેલા ગ્રહ પર પહોંચી તેનો માલિક બની જાઉં.

- **નીચેનો ફકરો વાંચીને પ્રશ્ન 41 થી 43 ના સાચા જવાબ આપો.**

In today's world, screens are everywhere. From smartphones and tablets to computers and TVs, we spend a lot of our time looking at them. While these devices offer amazing benefits - like instant access to information, staying connected with friends and family far away, and endless entertainment - they also bring some challenges. One major challenge is finding the right balance with screen time, especially for teenagers.

Spending too much time on screens can affect our physical health. It can lead to eye strain, poor sleep because of the blue light, and less physical activity, which is important for staying healthy. Beyond physical health, too much screen time can also impact our mental and emotional well-being. Always seeing "perfect" lives on social media can make us compare ourselves to others, leading to feelings of sadness or anxiety. It can also sometimes make us feel more alone, even though we're "connected" online.

It's important to remember that technology itself isn't bad. The key is how we use it. Instead of just scrolling endlessly, we can use screens to learn new things, create art, or connect meaningfully with people who share our interests. Developing "digital literacy" means understanding how to use technology wisely and safely. It also means setting limits for ourselves, making sure we have enough time for hobbies, face-to-face interactions, and good rest. By being more mindful about our screen habits, we can use technology to truly enhance our lives, rather than letting it take over.

(A) Screens make it harder to find information quickly.

(B) Screens are expensive and not everyone can afford them.

(C) Too much screen time can negatively affect our physical, mental, and emotional health, despite their benefits.

(D) Screens prevent us from talking to friends and family who live far away.

(42) "Always seeing' 'perfect' ..... sadness or anxiety." What does this statement imply about the nature of social media content ?

(A) Social media always shows the true reality of people's lives.

(B) Most social media content is carefully chosen and might not reflect a complete picture, leading to unrealistic comparisons.

(C) Social media is only for showing achievements and happy moments.

(D) People should stop using social media entirely to avoid these feelings.

(43) What is the main purpose of being mindful about screen habits, according to the passage ?

(A) To completely avoid all types of screen use.

(B) To make sure technology truly helps improve our lives instead of causing problems.

(C) To learn how to use every new app that comes out.

(D) To only use screens for schoolwork and nothing else.

(44) Identify the type of sentence : "Although it was raining, we decided to go for a walk."

(A) Simple (B) Compound (C) Complex (D) Compound-Complex

(45) Choose the correct option to fill the gap. "She .................... her homework before she went to bed."

(A) finishes (B) finished (C) had finished (D) will finish

(46) Complete the sentence with the correct relative pronoun : "This is the book .................... I told you about."

(A) whom (B) whose (C) which (D) where

(47) Choose the sentence with the correct subject-verb agreement :

(A) Each of the students have completed their project.

(B) Each of the students has completed their project.

(C) Both the student and the teacher is present.

(D) Neither the students nor the teacher are ready.

(48) Identify the prepositional phrase in the sentence : "The bird flew over the tall building."

(A) The bird (B) flew over

(C) over the tall building (D) tall building

(49) Fill in the blank. I am not one of those who follow everything ............. read on internet.

(A) we (B) you (C) they (D) I

(50) Which sentence is grammatically incorrect?

(A) He urged them to be quiet and listen to his words.

(B) She saw that the clock had stopped.

(C) He said that honesty is the best policy.

(D) I shall nurse him since he may live.

(51) NCF 2023 અનુસાર, મિડલ સ્ટેજના બાળકોમાં કયું લક્ષણ સૌથી વધુ પ્રબળ હોય છે ?

(A) સામાજિક અને ભાવાત્મક સંબંધો વિકસાવવાની પ્રબળ ઇચ્છા

(B) અમૂર્ત વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરવાની અક્ષમતા

(C) સર્જનાત્મકતાને બદલે માત્ર ગોખણપટ્ટી પર આધાર રાખવો.

(D) શિસ્તના કડક નિયમોનું પાલન કરવાની ઇચ્છા.

(52) મિડલ સ્ટેજના વિદ્યાર્થીઓ માટે 'વ્યાવસાયિક શિક્ષણ' (Vocational education) શા માટે મહત્ત્વનું છે ?

(A) તે ભવિષ્યમાં નોકરી મેળવવા માટે જ તૈયાર કરે છે.

(B) તે વિદ્યાર્થીઓને શાળા ન છોડવા માટે પ્રોત્સાહિત કરે છે.

(C) તે વિદ્યાર્થીઓમાં કૌશલ્યનો વિકાસ કરે છે અને તેમને ભવિષ્યના પડકારો માટે તૈયાર કરે છે.

(D) તે પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન પૂરું પાડે છે.

(53) NCF 2023 મુજબ, મિડલ સ્ટેજના બાળકોની વિચારસરણીની કઈ મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતા સૌથી મહત્ત્વની છે ?

(A) મૂર્ત (concrete) અને સીમિત વિચારસરણીનો વિકાસ

(B) ગોખણપટ્ટી પર આધારિત વિચારસરણીનો વિકાસ

(C) અમૂર્ત અને વિવેચનાત્મક વિચારસરણીનો વિકાસ

(D) અન્યના દૃષ્ટિકોણનો સંપૂર્ણ અસ્વીકાર

(54) મિડલ સ્ટેજના વિદ્યાર્થીઓમાં કઈ ભાવાત્મક (emotional) લાક્ષણિકતા જોવા મળે છે ?

(A) તેઓ પોતાની લાગણીઓને સંપૂર્ણપણે દબાવી દે છે.

(B) તેઓ માત્ર પોતાની લાગણીઓ વિશે વિચારે છે.

(C) તેઓ પોતાની અને અન્યની લાગણીઓ સમજવાનું શરૂ કરે છે.

(D) તેમને લાગણીઓ વ્યક્ત કરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી.

(56) દર વર્ષે કયા દિવસે "બાળ અધિકાર દિવસ" ઊજવવામાં આવે છે ?

(A) 14 નવેમ્બર (B) 20 નવેમ્બર

(C) 22 નવેમ્બર (D) નવેમ્બરના ત્રીજા રવિવારે

(57) તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાંથી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં કેટલા તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે ?

(A) 8 (B) 9 (C) 10 (D) 11

(58) 'Individualized Education Plan (IEP)' દિવ્યાંગ બાળકો માટે શા માટે મહત્ત્વનો છે ?

(A) બાળકોની શક્તિઓ અને જરૂરિયાત પ્રમાણે શિક્ષણ આપવા

(B) સમય બચાવવા માટે

(C) એકસરખું શિક્ષણ આપવા માટે

(D) ઉપચારાત્મક શિક્ષણ માટે

(59) NCF-SE 2023 માં દિવ્યાંગ બાળકો માટે કયા સિદ્ધાંત પર ભાર મૂકવામાં આવ્યો છે ?

(A) અલગ તારવીને અધ્યાપન અધ્યયન કરાવવું (B) સમાનતા અને લવચીક શિક્ષણ

(C) માત્ર શારીરિક કસરત (D) વ્યવસાયિક તાલીમ જ

(60) NIHL નું પુરૂ નામ ............. છે.

(A) No Intellectual Hearing Loss (B) Noise Induced Hearing Loss

(C) Nasal Induced Hearing Loss (D) Noise Intellectual Heavy Loss

(61) NEP 2020, વિકલાંગ બાળકો માટે કઈ શિક્ષણ વ્યવસ્થા વિશે આશાસ્પદ છે.

(A) સંકલિત શિક્ષણ (B) સંમિલીત શિક્ષણ (C) વિશિષ્ટ શિક્ષણ (D) મિશ્ર શિક્ષણ

(62) મૂક લોકોને AI કઈ રીતે મદદરૂપ થઈ શકે છે ?

(A) બોલાતી ભાષાને માત્ર ચિત્રો દ્વારા વિસ્થાપિત કરીને.

(B) અવાજની ઓળખ અને સ્પીચ ટુ ટેક્સ્ટ જેવાં ટૂલ્સ પૂરાં પાડીને.

(C) વર્ગખંડમાંની આંતરક્રિયાઓમાં ઘટાડો કરીને.

(D) શાબ્દિક પ્રત્યાયનનો નિષેધ કરીને.

(63) ડિસ્ગ્રાફિયા શેની સાથે સંબંધિત છે ?

(A) વાંચન (B) ગણિત (C) લેખન (D) શ્રવણ


(64) ગણિતમાં રમેશના રાજેશ કરતાં 35% ઓછા ગુણ હોય તો રાજેશના રમેશ કરતાં કેટલા ટકા વધારે ગુણ હશે ?

(A) 65 (B) 54 (C) 44 (D) 40

(65) કોઈ કોડ ભાષામાં ENTRANCE ને IRXVERGI લખવામાં આવે છે તો EXAMINATION ને કેવી રીતે લખવામાં આવશે ?

(A) IBEQMRXMESR (B) IBEQRMEXMSR

(C) IBEQMXREMSR (D) IBEQMREXMSR

(66) 


પ્રશ્નાર્થની જગ્યાએ શું આવશે ?

(A) 12 (B) 13 (C) 14 (D) 15

(67) એક પરીક્ષામાં દરેક સાચા ઉત્તર માટે + 4 ગુણ તેમજ ઓછામાં ઓછા પાંચ સાચા ઉત્તરો માટે + 5 બોનસ ગુણ આપવામાં આવે છે. સચીન આ પરીક્ષામાં 12 પ્રશ્નોના સાચા ઉત્તર આપીને કુલ 37 ગુણ પ્રાપ્ત કરે છે. એક ખોટા ઉત્તર માટે બે ગુણ કાપી લેવામાં આવતા હોય તો સચીને કેટલા ખોટા ઉત્તરો આપ્યા હશે ?

(A) 6 (B) 7 (C) 8 (D) 9

(68) બાળક મનોવિજ્ઞાનની સંકલ્પના સાથે સંબંધિત વ્યક્તિ કોણ નથી ?

(A) પિયાજે (B) ફ્રોઈડ (C) ગાર્ડનર (D) ન્યુટન

(69) સામાન્ય સ્તરની માનસિક અક્ષમતા ધરાવતા બાળકોનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?

(A) 36 થી 51 (B) 52 થી 67 (C) 68 થી 76 (D) 00 થી 18

(70) નીચેનામાંથી કઈ પ્રક્રિયા ASD (Autism Spectrum Disorder) ધરાવતા બાળકને મદદ કરી શકે છે ?

(A) સતત પર્યાવરણમાં ફેરફાર કરવો જેથી બાળક ઉત્સાહિત રહે.

(B) શિક્ષણમાં દૃશ્ય સામગ્રીનો વધુ ઉપયોગ કરવો.

(C) તેમની વર્તણૂકને અવગણવી.

(D) તેને એકલા ભણવા દેવું.

(71) વિશિષ્ટ શિક્ષણમાં મુખ્ય પ્રવાહ (Mainstreaming) નો અર્થ શું થાય ?

(A) CWSN બાળકોને માત્ર ઔપચારિક શિક્ષણ આપવું.

(B) વિશિષ્ટ શાળાઓનાં અભ્યાસક્રમમાં ફેરફાર કરવો.

(C) CWSN બાળકોને કેટલાક વિષયો માટે સામાન્ય વર્ગમાં ભણાવવા.

(D) CWSN બાળકોને વિશિષ્ટ શાળાઓમાં જ ભણાવવા.

(B) વિકાસલક્ષી વિલંબની ઓળખ કરવી અને તેને ઓછો કરવો.

(C) બાળકોને તેમની વિકલાંગતા માટે સ્વીકાર્ય બનાવવું.

(D) બાળકોને સામાન્ય શાળામાંથી વિશિષ્ટ શાળાઓમાં ટ્રાન્સફર કરવા.

(73) 'CWSN બાળકોને સામાન્ય બાળકો સાથે ભણાવવા જોઈએ.' – આ કયા પ્રકારનું શિક્ષણ કહેવાય ?

(A) Inclusive Education (B) Individual Education

(C) Special Education (D) Integrated Education

(74) કોઈ વ્યવસાય અંગેની તાલીમ મેળવતા અગાઉ તે વ્યવસાયમાં જરૂરી ગુણો વ્યક્તિ ધરાવે તો તેને શું કહે છે ?

(A) યોગ્યતા (B) અભિયોગ્યતા (C) વલણ (D) અભિરુચિ

(75) શિક્ષક તરીકે નીચેના પૈકી કયો ગુણ સૌથી મહત્ત્વનો છે ?

(A) સમયબદ્ધતા (B) વિષયવસ્તુ પરનું પ્રભુત્વ

(C) સારું પ્રત્યાયન કૌશલ્ય (D) વિદ્યાર્થી પ્રત્યેનો પ્રેમ

(76) 63, 50, 947 માં 6 ને તેના સ્થાને રાખી, બાકીના અંકોના સ્થાન બદલવાથી બનતી સૌથી નાની સંખ્યા કઈ થાય ?

(A) 69, 75, 430 (B) 60, 43, 579 (C) 60, 34579 (D) 60, 34759

(77) પ્રથમ દસ બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

(A) 5.5 (B) 11 (C) 10.5 (D) 11.5

(78) એક વર્તુળની ત્રિજ્યામાં ત્રણ ગણો વધારો કરવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ગણો વધારો થાય ?

(A) 9 ગણો (B) 6 ગણો (C) 3 ગણો (D) 12 ગણો

(79) 5 સે.મી. x 5 સે.મી. x 5 સે.મી. ના ઘનમાંથી 1 સે.મી. x 1 સે.મી. x 1 સે.મી. ઘનના કેટલા ટુકડાં થાય ?

(A) 100 (B) 25 (C) 125 (D) 50

(80) કેટલા સેમી લંબાઈ ધરાવતા ચોરસની પરિમિતિ 25 સે.મી. થાય ?

(A) 5 સે.મી. (B) 6.25 સે.મી. (C) 12.5 સે.મી. (D) 2.5 સે.મી.

(81) 1 ઘન મીટર = ............ ઘન સે.મી.

(A) 10000000 (B) 1000000 (C) 100000 (D) 10000

(82) $p(x) = x^3 + mx^2 + 2x - 5$ માં $p(-5) = -215$ થાય છે તો m ની કિંમત કેટલી થાય ?

(A) 3 (B) –3 (C) –5 (D) 5

(83) જો $x^3 + x^2 - x - 1$ નો એક અવયવ $x - 1$ હોય તો બીજો અવયવ કયો હશે ?

(A) $x^2 + 2x + 1$ (B) $x^2 - 2x + 1$ (C) $x^2 + 2x - 1$ (D) $x^2 - 2x - 1$

(84) $5^0 \times 1^5 \times 5^1 \times 0^5 =$ ..........

(A) 5 (B) 25 (C) 0 (D) 125

(85) સવારે ચાલવા નીકળેલ બે વ્યક્તિ એક સાથે પગ ઉપાડીને ચાલવાની શરૂઆત કરે છે. તેમના પગલાની લંબાઈ અનુક્રમે 45 અને 60 સે.મી. છે. દરેક ઓછામાં ઓછું કેટલું અંતર કાપવું પડશે કે જેથી પુરા પગલાથી સરખુ અંતર આવરી શકાય ?

(A) 190 સે.મી. (B) 180 સે.મી. (C) 260 સે.મી. (D) 360 સે.મી.

(86) મહેશ એક TV ખરીદે છે. TV ની કિંમત 25,000/- રૂા. છે. તેના પર 5% GST લાગે છે. થોડા સમય બાદ મહેશ એ TV ને 20,000/- રૂા. માં વેચે છે. તો મહેશને કેટલા રૂપિયા ખોટ જાય ?

(A) 6250 રૂપિયા (B) 5000 રૂપિયા (C) 1250 રૂપિયા (D) 6000 રૂપિયા

(87) શરીરના હાડકાં નાજુક બની વળી ન જાય તે માટે આપણા ખોરાકમાં નીચેના પૈકી કોનો સમાવેશ કરવો જોઈએ ?

(A) ટામેટા, લીંબું (B) પાલખની ભાજી, આદુ

(C) દૂધ, માછલી (D) પપૈયુ, ગાજર

(88) કોઈપણ પદાર્થને સળગવા માટે તેનું તાપમાન ............

(A) પદાર્થના ગલનબિંદુ જેટલું હોવું જોઈએ.

(B) $100^0$ C થી હંમેશા વધારે હોવું જોઈએ.

(C) વાતાવરણના તાપમાન કરતા ઓછામાં ઓછું $50^0$ C વધુ હોવું જોઈએ.

(D) પદાર્થના જલનબિંદુ કરતા વધારે હોવું જોઈએ.

(89) કોષમાં દ્રવ્યોને પ્રવેશ આપવાની તથા કોષની બાહર નીકળવાની મંજૂરી આપવાનું કાર્ય કોણ કરે છે ?

(A) કોષરસ પટલ (B) કોષદિવાલ (C) કોષકેન્દ્ર (D) કોષરસ

(90) નીચેનામાંથી ઝડપનો એકમ કયો છે ?

(A) $Kmh^{-1}$ (B) $Kmh^{-2}$ (C) Kmh (D) $Kmh^2$

(91) નીચેનામાંથી કયો ખરીફ પાક છે ?

(A) ઘઉં (B) ચણા (C) અળસી (D) સોયાબીન

(92) કાર્બનનું લગભગ સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ કયું છે ?

(A) કોલટાર (B) કોલગેસ (C) કોક (D) બિટુમીન

(93) 'ગુસ્સો, ચિંતા તથા ઉત્તેજના જેવી તણાવભરી સ્થિતિને', નિયંત્રણમાં રાખવાનું કાર્ય કઈ ગ્રંથી કરે છે ?

(A) થાઈરોઈડ ગ્રંથી (B) એડ્રિનલ ગ્રંથી (C) સ્વાદુપિંડ (D) પિટ્યુટરી ગ્રંથી

(95) Diagnostic Test – નિદાનાત્મક કસોટીનો મુખ્ય હેતુ શું છે ?

(A) અંતિમ પરિણામ જાણવાનો.

(B) વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ખામીઓ ઓળખવાનો.

(C) નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ કરવા માટે બીજી એક તક આપવાનો.

(D) સાચું ગુણાંકન કરવાનો.

(96) જો શિક્ષક વિદ્યાર્થીઓને કોપર વાયર, સલ્ફર પાવડર, કાર્બન વગેરે સામગ્રી આપી "વિદ્યુત વાહકતા" ચકાસવા કહે, તો તે કઈ પદ્ધતિ છે ?

(A) પ્રોજેક્ટ પદ્ધતિ | (B) પ્રવૃત્તિ આધારિત અધ્યયન પદ્ધતિ

(C) પ્રશ્નોત્તરી પદ્ધતિ | (D) પ્રયોગ નિદર્શન પદ્ધતિ

(97) એક શિક્ષક વિદ્યાર્થીઓને નળાકાર સંદર્ભે સૂત્ર $V=\pi r^2 h$ અને $2\pi rh$ શીખવી રહ્યા છે. આ માટે તેમણે શું કરવું જોઈએ ?

(A) વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન સાથે અનુસંધાન | (B) જીવનની બાબતો સાથે અનુસંધાન યાદ કરાવવું

(C) સૂત્ર આધારિત દાખલા ગણાવવા | (D) થોડાક નળાકારો દ્વારા માપન કરાવવું

(98) ગણિતમાં વિદ્યાર્થી ચોક્કસ કોયડો ઉકેલી શકે છે, જો આ કોયડામાં થોડો ફેરફાર કરીને પૂછવામાં આવે તો તે ઉકેલી શકતો નથી. આ ગણિતના કેવા પ્રકારનું ઉદાહરણ છે ?

(A) સંકલ્પનાત્મક જ્ઞાન | (B) કાર્યપ્રણાલીગત જ્ઞાન

(C) અનુભવાત્મક જ્ઞાન | (D) વિસ્મૃત જ્ઞાન

(99) શાળામાં પ્રયોગ પદ્ધતિથી શિક્ષણ આપવું શક્ય ન હોય ત્યારે તેના વિકલ્પમાં કઈ પદ્ધતિ સૌથી સારો વિકલ્પ છે ?

(A) વ્યાખ્યાન પદ્ધતિ (B) નિદર્શન પદ્ધતિ (C) પ્રોજેક્ટ પદ્ધતિ (D) ક્ષેત્ર મુલાકાત

(100) વિજ્ઞાન શિક્ષણનો હેતુ કયો છે ?

(A) વિદ્યાર્થીઓને નવી જાણકારી આપવી.

(B) સમાજની ડૉક્ટર - એન્જિનીયરની જરૂરિયાત પૂરી કરવી.

(C) વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ કરવો.

(D) શાળા શિક્ષણનો ફરજિયાત વિષય હોવાથી શીખવવામાં આવે છે.

(101) ભાષા શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિષયક કઈ બાબત સુસંગત નથી ?

(A) શ્રવણ, કથન, વાચન અને લેખન – એ ક્રમમાં ભાષા કૌશલ્યો શીખવવા જોઈએ.

(B) ભાષા શિક્ષણ દરમિયાન શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ ટાળવો જોઈએ.

(C) બાળકોને ભાષાનું માન્ય સ્વરૂપ શીખવવું જોઈએ.

(D) શિક્ષકે શિક્ષણકાર્યની વિગતોમાં પરિપૂર્ણતા અને ચોકસાઈ રાખવી.

(102) 'વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે.' – આ સામાન્ય હેતુનો વિશિષ્ટ હેતુ કયો છે ?

(A) વિચારોને જરૂરી પરિચ્છેદો પાડીને લખે. (B) મુદ્દાના આધારે વાર્તાલેખન કરે.

(C) વાંચેલી સામગ્રીનો સાર લખે, સંક્ષેપ કરે. (D) વાક્યરચનાઓ શુદ્ધ બનાવે.

(103) ભાષા કૌશલ્યનાં પ્રાથમિક કૌશલ્યો કયાં છે ?

(A) વાચન – લેખન (B) શ્રવણ – કથન

(C) શ્રવણ – વાચન (D) કથન – લેખન

(104) આપેલ પદ્ધતિઓ પૈકી કઈ પદ્ધતિમાં શિક્ષક તમામ વર્ણોના ઉચ્ચાર કરીને બાળકોને તાલીમ આપે છે ?

(A) અનુકરણ પદ્ધતિ (B) વાક્ય પદ્ધતિ

(C) સામૂહિક વાચન પદ્ધતિ (D) શબ્દ પદ્ધતિ

(105) બાળકોને લખતાં શીખવવા માટેની પદ્ધતિઓ પૈકી કઈ પદ્ધતિમાં બાળકોને ઈન્દ્રિયોની તાલીમ આપવામાં આવે છે ?

(A) જેકોટોટ પદ્ધતિ (B) પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ

(C) મોન્ટેસરી પદ્ધતિ (D) સંવાદ પદ્ધતિ

(106) આપેલ ભાષાશિક્ષણની પદ્ધતિઓમાં કઈ પદ્ધતિ શિક્ષકકેન્દ્રી પદ્ધતિ છે ?

(A) વાદવિવાદ (B) વર્ણન

(C) અભિક્રમિત અધ્યયન (D) પેનલ ચર્ચા

(107) બાળકોના લેખનકાર્યની તપાસણી બાબતે કઈ બાબત અનુચિત છે ?

(A) વિદ્યાર્થીઓની જોડણી વિષયક ભૂલો નીચે લીટી દોરવી અને તેમને જોડણી કોશની મદદથી ભૂલો શોધી સાચી જોડણી લખવા કહેવું.

(B) વિદ્યાર્થીના દૃષ્ટિબિંદુને લક્ષમાં લેવું.

(C) વિદ્યાર્થીને એકસામટી ભૂલો ન બતાવતાં અગત્યની ભૂલો તરફ ધ્યાન દોરવું.

(D) અન્ય વિષયોના શિક્ષકોની લેખનકાર્ય તપાસણીમાં મદદ લેવી જોઈએ.

(108) 'તું પર્વત સમાન અડગ બને' – અહીં પર્વત કઈ સંજ્ઞા છે ?

(A) વ્યક્તિવાચક (B) જાતિવાચક

(C) પ્રમાણવાચક (D) સંખ્યાવાચક

(109) 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' આ પંક્તિને શું કહેવાય ?

(A) વિચાર વિસ્તાર (B) રૂઢિ પ્રયોગ (C) કહેવત (D) કાવ્ય

(110) નીચેનામાંથી કયો અઘોષ ધ્વનિ નથી ?

(A) ક (B) ગ (C) પ (D) છ

1. પીતાંબર પટેલ a. મોઝાર

2. સુરેશ દલાલ b. અલ્લક-દલ્લક

3. પન્ના ત્રિવેદી c. રસિયો જીવ

4. બાલમુકુંદ દવે d. ઈટ્ટા કિટ્ટા

(A) 1 – D, 2 – A, 3 – B, 4 – C (B) 1 – C, 2 – A, 3 – B, 4 – D

(C) 1 – B, 2 – C, 3 – D, 4 – A (D) 1 – C, 2 – D, 3 – A, 4 – B

(112) મશગૂલ : તલ્લીન :: તુમુલ : .................... ?

(A) ભયંકર (B) યુદ્ધનું મેદાન

(C) અંધારું (D) તમરાં

(113) નીચે પૈકી કઈ બાબતનો સ્વતંત્ર લેખનમાં સમાવેશ થતો નથી ?

(A) ચિત્ર વાર્તા પૂર્ણ કરવી. (B) કાવ્ય પંક્તિનો ભાવાર્થ સ્પષ્ટ કરવો.

(C) અનુલેખન કરવું. (D) આપેલ શીર્ષક પરથી નિબંધ લખવો.

(114) 'વાપરીએ વિચારીને વાણી,

પાણી પણ એમ જ વેંતેવેંતે...' – આ પંક્તિમાં કયા અંલકારનો ઉપયોગ કરવામાં આવેલ છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) પ્રાસસાંકળી (C) ઉપમા (D) રૂપક

(115) વિદ્યાર્થીઓ મૌલિક રીતે રચના કરી સર્જનશીલતા કેળવે તે માટે કઈ પ્રવૃત્તિ સૌથી વધારે અસરકારક નીવડી શકે છે ?

(A) કોઈ એક વિષય આપી તેના પર નિબંધ લેખન કરાવવું.

(B) એક જ ધાતુ આપી તેના પરથી અનેક શબ્દો બનાવવા.

(C) શબ્દકોશનો ઉપયોગ કરી આપેલ શબ્દોને ક્રમમાં ગોઠવવા.

(D) કોઈ એક વાર્તા કે પ્રસંગ સંભળાવી તેનો સાર પૂછવો.

(116) ભાષાનું મૂલ્યાંકન ભાષાશિક્ષણના ઉદ્દેશ્યોને અનુરૂપ થવું જોઈએ. - આ વિધાન શું દર્શાવે છે ?

(A) ગદ્ય - પદ્યમાં આવતા વિષયવસ્તુના સવાલ - જવાબ ચકાસવા.

(B) કાવ્યપૂર્તિ અને વ્યાકરણને લગતા પ્રશ્નો પૂછવા.

(C) ભાષા વિદ્યાર્થીઓના વ્યવહારમાં, અભિવ્યક્તિમાં કેટલે અંશે આત્મસાત થઈ તે ચકાસવું.

(D) વિદ્યાર્થીઓના અક્ષરો સુંદર, સુવાચ્ય થાય છે તે ચકાસવું.

(117) સમાસ ઓળખી યોગ્ય જોડ બનાવો.

| (A) | | (B) | |
|---|---|---|---|
| 1. | મા-બાપ | a. | મધ્યમપદ લોપી |
| 2. | રામરાજ્ય | b. | તત્પુરૂષ |
| 3. | આગગાડી | c. | દ્વંદ્વ |
| 4. | મહાદેવ | d. | કર્મધારેય |

(A) 1 – C, 2 – B, 3 – A, 4 – D (B) 1 – C, 2 – A, 3 – B, 4 – D

(C) 1 – D, 2 – B, 3 – A, 4 – C (D) 1 – B, 2 – D, 3 – A, 4 – C

(118) સાચી જોડણી જણાવો.

(A) પુર્ણિમા (B) પૂર્ણિમા (C) પૂર્ણીમા (D) પુર્ણીમા

(119) Know : Knew :: Catch : ..................

(A) Cathed (B) Caught (C) Caght (D) Catch

(120) Select the correct spelling.

(A) પ્રદૂષણ – polution (B) ઝઘડો – quarel (C) મુસાફર – pasenger (D) પહોંચ – receipt

(121) Choose the Correct synonym of the given word – UNIFORMITY

(A) Imbalance (B) Consistency (C) Discord (D) Variation

(122) Father divided his property ....................... his four sons.

(A) among (B) between (C) with (D) in

(123) He plays cricket <u>technically</u>. Recognize the underlined word.

(A) Noun (B) Adjective (C) Verb (D) Adverb

(124) Select a word which is different from others.

(A) Blew (B) Crew (C) Drew (D) Knew

(125) If it is 12 : 45 in the clock, the time will be............

(A) Quarter past one (B) Quarter to one (C) Quarter to twelve (D) Quarter to past twelve

(126) Plural of <u>Mouse</u> is.............

(A) Mouses (B) Mices (C) Mousies (D) Mice

(127) Select the correct spelling :

(A) Volanteer (B) Volenteer (C) Voluntir (D) Volunteer

(129) 'हक्का - बक्का रह जाना' मुहावरे का सही अर्थ पहचानिए।

(A) नुकसान होना (B) कोई उपाय न होना

(C) चकित होना (D) जोर - जोर से रोना

(130) वचन परिवर्तन की दृष्टि से सही विकल्प कौन-सा है ?

(A) लड़का - लड़कें (B) ताला - तालें (C) किताब - किताबें (D) बेटा - बेटें

(131) शुद्ध शब्द पहचानिए।

(A) बुजूर्ग (B) ऐक्य (C) द्रढ़ता (D) अपहत

(132) 'श्रव्य या वाच्य सामग्री में से अंतर्निहित मूल्यों को खोज सकेंगे।' —यह अध्ययन निष्पत्ति किस उद्देश्य पर आधारित है ?

(A) अर्थग्रहण (B) तार्किक चिंतन

(C) सर्जनात्मकता (D) व्यावहारिक उपयोजन

(133) 'प्रवृत्ति के जरिए शिक्षा' के सोपानों का सही क्रम हो, ऐसा विकल्प चुनिए।

(A) चिंतन, अनुभव, अनुप्रयोग, समेटना (B) अनुप्रयोग, अनुभव, चिंतन, समेटना

(C) अनुभव, चिंतन, अनुप्रयोग, समेटना (D) चिंतन, समेटना, अनुभव, अनुप्रयोग

(134) 'गहन पठन' का मुख्य उद्देश्य कौन-सा है ?

(A) तीव्र गति से पठन का अभ्यास (B) भाषा, भाव, विचार का विश्लेषण

(C) ध्वनि, शब्द, वाक्य रचना का विश्लेषण (D) रस, छंद, अलंकार का अध्ययन

(135) हिन्दी भाषा शिक्षण की पद्धतियों के बारे में कौन-सा कथन सही नहीं है ?

(A) प्रत्यक्ष पद्धति भाषा सीखने की प्राकृतिक पद्धति है।

(B) परोक्ष पद्धति अनुवाद को विशेष महत्त्व देती है।

(C) आगमन पद्धति सामान्य सिद्धांत या नियम की जाँच करने के लिए बहुत ही लाभप्रद है।

(D) निगमन पद्धति भाषा की संरचना सिखाने की उत्तम पद्धति है।

(136) किसी व्यक्ति, वस्तु, स्थान या भाव को प्रकट करनेवाले शब्दों को क्या कहते हैं ?

(A) क्रिया (B) संज्ञा (C) सर्वनाम (D) विशेषण

(137) शब्दकोश के क्रम के अनुसार तीसरा शब्द कौन-सा है ?

(A) सूरज (B) सुगंध (C) साहित्य (D) संबंधित

(138) યોગ્ય જોડ બનાવો.

| (A) | | (B) |
|---|---|---|
| 1. વાગડ | a. | ધોળકા - ધંધુકા અને નળકાંઠા આસપાસનો પ્રદેશ |
| 2. કાનમ | b. | ચોટીલા - થાન અને ઘેલા સોમનાથ આસપાસનો પ્રદેશ |
| 3. ભાલ | c. | ભચાઉ - રાપર તાલુકાની આસપાસનો પ્રદેશ |
| 4. પાંચાળ | d. | કીમ અને ઢાઢર નદીની આસપાસનો પ્રદેશ |

(A) 1 – C, 2 – D, 3 – A, 4 – B
(B) 1 – B, 2 – C, 3 – A, 4 – D
(C) 1 – D, 2 – A, 3 – C, 4 – B
(D) 1 – A, 2 – C, 3 – D, 4 – B

(139) ઈતિહાસ શિક્ષણકાર્ય માટે કઈ પદ્ધતિ / પદ્ધતિઓ સવિશેષ ઉપયોગી છે ?

1. જીવનવૃતાંત પદ્ધતિ
2. નાટ્યીકરણ પદ્ધતિ
3. મોક પદ્ધતિ
4. આગમન - નિગમન પદ્ધતિ

(A) માત્ર - 1
(B) માત્ર - 2
(C) 1 અને 2
(D) 1 – 2 અને 3

(140) આનુભવિક જ્ઞાન વિદ્યાર્થીને મળે એ માટે કઈ પદ્ધતિને પ્રાધાન્ય આપશો ?

(A) એકોક્તિ
(B) આગમન - નિગમન
(C) નિદર્શન
(D) પ્રોજેક્ટ

(141) ભારતમાં બહુચર્ચિત 'કેશવાનંદ ભારતી' વિરૂદ્ધ કરેલ રાજ્ય કેસનો સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કઈ બાબતને લગત છે ?

(A) રાષ્ટ્રપતિ શાસન
(B) મૂળભૂત હકોનું રક્ષણ અને સંસદ દ્વારા બંધારણીય સુધારા અંગે
(C) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(D) મૂળભૂત ફરજો અને સંસદની સત્તા

(142) નીચે આપેલ ઐતિહાસિક ઘટનાઓને સમય મુજબ ચઢતા ક્રમમાં ગોઠવો.

(પ્રથમ બનેલ ઘટનાથી શરૂ કરી)

A. બારડોલી સત્યાગ્રહ
B. ખેડા સત્યાગ્રહ
C. માનગઢ હત્યાકાંડ
D. અસહકાર આંદોલન

(A) C, B, D, A
(B) C, D, B, A
(C) B, C, D, A
(D) C, A, D, B

| (A) | | (B) |
|---|---|---|
| 1. અંગ | a. | તક્ષશિલા |
| 2. કુરુ | b. | મથુરા |
| 3. સૂરસેન | c. | ઈન્દ્રપ્રસ્થ |
| 4. ગાંધાર | d. | ચંપા |

(A) 1 – B, 2 – C, 3 – D, 4 – A (B) 1 – A, 2 – C, 3 – B, 4 – D

(C) 1 – D, 2 – A, 3 – B, 4 – C (D) 1 – D, 2 – C, 3 – B, 4 – A

(144) નીચે આપેલા દેશોને પૂર્વથી પશ્ચિમ ગોઠવીએ તો કયો વિકલ્પ યોગ્ય છે ?

(A) ઈરાન, અફઘાનિસ્તાન, મ્યાનમાર, થાઈલેન્ડ (B) થાઈલેન્ડ, અફઘાનિસ્તાન, મ્યાનમાર, ઈરાન

(C) થાઈલેન્ડ, મ્યાનમાર, અફઘાનિસ્તાન, ઈરાન (D) મ્યાનમાર, થાઈલેન્ડ, ઈરાન, અફઘાનિસ્તાન

(145) મંદિર અને રાજ્યની યોગ્ય જોડ જોડો.

| (A) | | (B) |
|---|---|---|
| 1. જગન્નાથપુરી | a. | તમિલનાડુ |
| 2. ખજુરાહો | b. | અસમ |
| 3. મીનાક્ષી | c. | મધ્યપ્રદેશ |
| 4. કામાખ્યા | d. | ઓરિસ્સા |

(A) 1 – C, 2 – A, 3 – D, 4 – B (B) 1 – D, 2 – C, 3 – A, 4 – B

(C) 1 – C, 2 – D, 3 – A, 4 – B (D) 1 – D, 2 – B, 3 – A, 4 – C

(146) વર્તમાન ઈતિહાસકારો જનજાતિઓનો ઈતિહાસ લખવા માટે શાનો ઉપયોગ કરે છે ?

(A) જનજાતિઓની મૌખિક પરંપરાઓનો (B) જનજાતિઓના લેખિત દસ્તાવેજોનો

(C) જનજાતિઓના વડીલોની મુલાકાતોનો (D) જનજાતિઓના ઉત્સવો અને મેળાઓનો

(147) કોનું અર્થઘટન આંતરરાષ્ટ્રીય ધોરણે એક સરખું કરવામાં આવે છે ?

(A) નકશાનું (B) સરહદોનું (C) ગામના રેખાંકનનું (D) રૂઢ સંજ્ઞાઓનું

(148) આપણા દેશમાં કાયદો કઈ નીતિને આધારે કાર્ય કરે છે ?

(A) સૌ સમાન, સૌનું કલ્યાણ (B) સૌને સમ્માન, સૌ પ્રત્યે સદ્ભાવ

(C) સૌ સમાન, સૌ પ્રત્યે સમભાવ (D) સૌ સમાન, સૌને સમ્માન

(149) એકમ આયોજનને લાગુ ન પડતી બાબત કઈ છે ?

(A) ઘણા બધા મુદ્દાઓ ધ્યાનમાં લેવાય છે. (B) મૂલ્યાંકન કાર્ય આંશિક થાય છે.

(C) વધુ અધ્યયન અનુભવો આપી શકાય છે. (D) જ્ઞાનની સમગ્રતા જળવાય છે.

(150) પ્રોજેક્ટ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવાનું થાય ત્યારે પ્રોજેક્ટનો વિષય કોના દ્વારા પસંદ થવો જોઈએ ?

(A) વાલી દ્વારા (B) આચાર્ય દ્વારા (C) શિક્ષક દ્વારા (D) વિદ્યાર્થી દ્વારા

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.